# શૈક્ષણિક ગુણવત્તાના સંદર્ભમાં નૂતન આયામો

**પ્રા. યોગેશકુમાર આર. પરમાર (વ્યાખ્યાતા)**
શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાળા,
કૉલેજ ઑફ એજ્યુકેશન,
પેટલાદ - ૩૮૮ ૪૫૦.

## ૧. પ્રસ્તાવના

વૈશ્વિકરણના આ યુગમાં ગુણવત્તા એ કોઈપણ બાબત માટે મુખ્ય માનદંડ બન્યો છે. ભૌતિક બાબતોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો જ સ્થાનિક કે વૈશ્વિક સ્તરે સ્વીકારાય છે. ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળી જ વસ્તુઓ, ઉત્પાદનો, સેવાઓ કે વ્યવહારની માંગ વધી રહી છે. આથી શિક્ષણમાં પણ ગુણવત્તા એ સાંપ્રત સમાજની તાતી જરૂરિયાત છે. ભારતમાં વિશાળ માનવધન વધુ હોવાને કારણે આપણે શિક્ષણમાં દરેક કક્ષાએ વધુ ગુણવત્તા લાવીએ તો વિદ્યાર્થીઓનો વ્યક્તિગત અને સામૂહિક વિકાસ થઇ શકે તેમ છે. દેશના વિકાસ માટે પણ શિક્ષણની ગુણવત્તા વધારવી આવશ્યક છે. અને શિક્ષણની ગુણવત્તા સુધારણા દ્વારા આપણો દેશ ૨૦૨૦ સુધીમાં વિકસિત દેશોની હરોળમાં આવીને ઊભો રહેવા માટે શક્તિમાન બની શકે તેમ છે. આમ, આપણા પ્રથમ નાગરિક અબ્દુલ કલામ સાહેબના સ્વપ્નના ભારતનું નિર્માણ થઇ શકે તેમ છે.

## ૨.ગુણવત્તાનો અર્થ

- ગુણવત્તા અર્થાત મૂલ્ય આ મૂલ્ય બે રીતે આંકી શકાય
  1. નાણાંકીય દૃષ્ટિએ મૂલ્ય અંકન
  2. ગુણની દૃષ્ટિએ મૂલ્ય અંકન

પરંતુ આ અર્થ એ સિમિત અર્થ બની જાય છે. ગુણવત્તા એ સાપેક્ષ બાબત છે અર્થાત ગુણવત્તા એ માલ ખરીદનાર ગ્રાહક પર આધારિત છે. તેની જરૂરિયાતોના સંતોષ આધારિત છે માટે તેનો એક અર્થ આ પ્રમાણે પણ કરી શકાય કે-

- ઉત્પાદિત માલ કે સેવાની સમગ્ર ખાસિયતો અને લક્ષણો જે નિર્દિષ્ટ કે ગર્ભિત જરૂરિયાતોને સંતોષી શકનાર શક્તિ એટલે ગુણવત્તા.

અર્થાત ઉત્પાદિત માલ કે સેવા સમગ્રતાના સંદર્ભમાં તે માલ ખરીદનાર ગ્રાહકના મન પર શી અસર કરે છે ? અથવા ગ્રાહકને સંતોષ આપી શકે તો તે માલ ગ્રાહક માટે ગુણવત્તાયુક્ત સાબિત થયો એમ કહેવાય.

જો આમ હોય તો ગુણવત્તાના કેન્દ્રસ્થાનમાં ગ્રાહક જ છે અને ગ્રાહકનો સંતોષ એ ગુણવત્તાનું માપબિંદુ-મૂલ્યબિંદુ છે.

## ૩.ગુણવત્તાની સંકલ્પના

ગુણવત્તાની કોઇ ચોક્કસ વ્યાખ્યા કરવાનું મુશ્કેલ છે. છતાં જો તેની વ્યાખ્યા કરવી હોય તો આ પ્રમાણે કરી શકાય -

"ગુણવત્તા એ ખરી રીતે મૂડી, પ્રતિભા અને સખત પરિશ્રમના ઘનિષ્ઠ રોકાણોનું ઉત્પાદન છે. ગુણવત્તા છીછરાપણાથી મેળવાય નહિ. ગુણવત્તા એ તક નથી પસંદગી છે. ગુણવત્તા એ અકસ્માત નથી પરંતુ રૂપરેખા છે. વળી ગુણવત્તા એ કોઇ અંતિમ મુકામ નથી પરંતુ સતત પ્રવાસ છે. ગુણવત્તાની આ પ્રવાસયાત્રામાં ગ્રાહક કેન્દ્રિત અભિગમ વડે, પરસ્પર આધારિત યોજના-તંત્ર, અમલીકરણ, મૂલ્યાંકન અને નિર્ણયપ્રક્રિયા દ્વારા સેવાઓની સતત સુધારણા થતી રહે છ." -શેજલ વાલકર ઉપરોક્ત વ્યાખ્યાને આધારે એમ કહી શકાય કે ગુણવત્તા એટલે -

- ગુણવત્તા એ વિધાયક વિભાવના છે. - ડેમીગ
- ગુણવત્તા ખરી રીતે મૂડી, પ્રતિભા અને સખત પરિશ્રમના ઘનિષ્ટ રોકાણનું ઉત્પાદન છે. - રોજવાલકર
- ગુણવત્તા તક નહી, પસંદગી છે, તે અકસ્માત નહી પણ રૂપરેખા છે, અંતિમ મુકામ નહીં સતત પ્રવાસ છે.
- ગુણવત્તા એટલે હેતુ અને કાર્ય ઉપયોગ માટે યોગ્યતાની માત્રા - ઑકલેન્ડ
- ગુણવત્તા ગ્રાહકના દૃષ્ટિબિંદુ પર આધાર રાખે છે.
- ગુણવત્તા એટલે ગ્રાહકની અપેક્ષાને પહોંચી વળવું

ઉપરોક્ત વિભાવનાને ધ્યાનમાં રાખી શૈક્ષણિક ગુણવત્તાની વિભાવના વિચારીએ તો -

- શિક્ષણ અક્ષરજ્ઞાન, માહિતી અને રોજીરોટી માટે આવડત પુરી પાડે છે. શિક્ષણ-કેળવણીનું પ્રથમ સોપાન છે.
- શિક્ષિત બન્યા પછી જીવન જીવવાની કળા દ્વારા દીક્ષિત બને તો કેળવાયેલ વ્યક્તિ કહેવાય.
- ભણેલા હોય પણ કેળવાયેલા ન હોય તે અપૂર્ણ, તેવું શિક્ષણ કે શિક્ષણ વ્યવસ્થા ગુણવત્તાવિહીન.
- માણસમાંથી માનવ બનાવે તે ગુણવત્તા
- વ્યવહારની દૃષ્ટિએ વ્યક્તિનો બોધાત્મક, મૂલ્યાત્મક અને કૌશલ્યાત્મક વિકાસ થાય તે ગુણવત્તા.

- કેળવણી દ્વારા માનવનું સમૃદ્ધિકરણ, સામર્થ્યીકરણ અને સશસ્તીકરણ થાય ત્યારે ગુણવત્તાયુક્ત શિક્ષણ થયું એમ કહેવાય.
- વ્યક્તિમાં પારંગતા આવે ત્યારે ગુણવત્તા આવી એમ કહેવાય.
- શિક્ષણ લેનાર આત્મસંતોષીને આપનાર નિજાનંદી હોય તો શિક્ષણ ગુણવત્તાસભર
- ગુણવત્તા સુધારવા શાળાએ વિદ્યાલયમાં પરિવર્તિત થવું પડે.

ઉપરોક્ત સંકલ્પનાને આધારે એમ કહી શકાય કે ગુણવત્તા એ ગ્રાહકોની અપેક્ષાને પહોંચી વળવુ તે બરાબર છે, પણ શિક્ષણની ગુણવત્તા ગ્રાહકોની અપેક્ષાને પહોંચી વળવા કરતાં પણ વિશેષ છે. એકવીસમી સદીના આંતરરાષ્ટ્રીય પંચના અહેવાલ 'અધ્યયન : ભીતરનો ખજાનો'માં જણાવ્યા પ્રમાણે ખાસ કરીને શાલેય શિક્ષણ ચારિત્ર્યના ગુણો વિક્સાવવામાં મોટો ભાગ ભજવી શકે, જે દ્વારા યુવાન વર્ગમાં મહત્ત્વના મોટા ફેરફારોની અપેક્ષા રાખી શકે અને આ માટે શાલેય શિક્ષણની ગુણવત્તા સુધારણા ખૂબ મહત્ત્વનો ભાગ ભજવી શકે. આ સુધારણા માટે નીચે પ્રમાણેના ખ્યાલ વિચારી શકાય-

### ૪.શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટેના કેટલાક આયામો

#### ૧.અભ્યાસક્રમ સુધારણા

શૈક્ષણિક ગુણવત્તાની વ્યાખ્યા કરતાં શિક્ષણવિદ્ ડૉ. રવીન્દ્ર દવે કહે છે કે- 'કેળવણી એ માનવ સમૃદ્ધિકરણ, સામર્થ્યીકરણ અને સશસ્તીકરણની પ્રક્રિયા છે. અને અપેક્ષિત ક્ષમતાની સંપ્રાપ્તિ થાય ત્યારે ગુણવત્તા બને.' જો કેળવણી એ સમૃદ્ધિકરણ, સામર્થ્યીકરણ અને સશસ્તીકરણની પ્રક્રિયા હોય તો આજના આપણા આ અભ્યાસક્રમમાં યોગ્ય સુધારા લાવવા જરૂરી છે. કારણ આપણે ત્યાં ચાલતા અભ્યાસક્રમોમાં ઉપરોક્ત બાબતોનો વિકાસ થાય તેવો અવકાશ ખૂબ ઓછો છે જે આપણે સૌ જાણીએ છીએ. માટે આપણા અભ્યાસક્રમમાં અને આપણી શિક્ષણ પ્રણાલીમાં યોગ્ય સુધારો લાવવો જ રહ્યો.

#### ૨.ઉત્કૃષ્ટતામાં વધારો

ડેલોર્સ કમિશનના અહેવાલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે હવે વિદ્યાર્થીને ભણાવવા કરતાં તે કેમ સારું ભણતો થાય તે જરૂરી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ યુગમાં ક્યાંથી અને કેવી રીતે સારું ભણી શકાય તે બાબત વિદ્યાર્થીને શીખવવી પડશે. આ માટે શિક્ષકે સતત જાગૃત રહેવું પડશે અને વિદ્યાર્થી સાથે તેણે પણ આજીવન વિદ્યાર્થી બની ભણતા રહેવું પડશે. નદી ઉદ્‌ગમ બિંદુની ઊંચાઇ કરતાં ક્યારેય વધુ ઊંચાઇથી વહી શકે નહી જો આમ હોય તો શિક્ષકે હંમેશાં વિદ્યાર્થીના વિકાસ માટે સતત જાગૃત રહી આજિવન અભ્યાસુ રહી પોતાના જ્ઞાન અને અનુભવમાં સમૃદ્ધ બનવું જ પડશે અને તોજ તે વિદ્યાર્થીની ઉત્કૃષ્ટતામાં વધારો કરી શકશે.

#### ૩.પ્રસ્તુતતાના સંદર્ભમાં શિક્ષણ

પ્રસ્તુતતા એ શિક્ષણનું એક આગવું અંગ છે. શેખચલ્લીની જેમ હવાઇકિલ્લા ચણવા અથવા તો જે બાબતો જીવન ઉપયોગી નથી તે બાબતોનું શિક્ષણ આપવું કે પછી આપણી જુની પુરાણી કથાઓ આધારિત શિક્ષણ આપવાને બદલે બદલાતા પ્રવાહ સાથે તાલ મિલાવતાં સાંપ્રત સમયમાં આ શિક્ષણ ઉપયોગી બને એટલુ જ નહી પણ આવનાર પરિવર્તનમાં પણ તે પ્રાપ્ત શિક્ષણને આધારે કદમ મિલાવી શકે અથવા તે પરિસ્થિતિમાં બંધ બેસી શકે તે માટેનું શિક્ષણ આપવું પડશે. પ્રસ્તુતતા વિનાની ગુણવત્તા એ નિમ્ન પ્રકારની ગુણવત્તા છે.

#### ૨.સર્જનાત્મક ઉત્કૃષ્ટતા માટેનું શિક્ષણ

આપણે સૌ જાણીએ છીએ કે હવે જ્ઞાન આધારિત સમાજનો વિકાસ થઇ રહ્યો છે. સમાજમાં હવે પ્રબુદ્ધ શ્રમિકોનો વર્ગ, પ્રબુદ્ધ સમાજ અને પ્રબુદ્ધ વ્યવસાયો ઊભા થઇ રહ્યા છે. આપણા દેશમાં અસ્તિત્વમાં આવેલ 'National Knowledge Commission' એ આ બાબતનો પુરાવો છે. વૈશ્વિકરણના આ યુગમાં હવે જો આજના વિદ્યાર્થીને મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરી કંઇક નવું સર્જન કરવાનું શિક્ષણ નહી આપવામાં આવે તો તે સમાજમાંથી ફેંકાઇ જશે એટલું નહી પરંતુ આજની આપણી શિક્ષણ પ્રણાલી માત્ર બેકારો પેદા કરવાની ફેક્ટરી બની જશે. માટે તેમને એ પ્રમાણેનું શિક્ષણ આપવામાં આવે કે જેથી તે પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરી કંઇક નવું સર્જન કરી શકે.

#### ૩.શિક્ષણમાં રાષ્ટ્રીયતા અને સ્થાનિકતાનો અભ્યાસ રાખવો જોઇશે

આપણા સમાજને કેવા પ્રકારના નાગરિકની જરૂર છે સાથે સ્થાનિક સમાજની શી જરૂરિયાત છે એ બાબતને ધ્યાનમાં રાખી તે પ્રમાણેના શિક્ષણનની વ્યવસ્થા ઊભી કરવી પડશે. એટલુ જ નહી પણ નાગરિકનો વિકાસ એટલે સમાજનો અને રાષ્ટ્રનો વિકાસ. ભારત બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે. તેમાં વિભિન્ન ધર્મો, રિવાજો, જ્ઞાતિના લોકો રહે છે. આ દરેકમાં ભાવાત્મક એકતા કેળવાય અને રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય તેવો અભ્યાસક્રમ રચાવો જોઇએ. આમ જો રાષ્ટ્રનો વિકાસ કરવો હશે તે તેના માનવસંસાધનનો વિકાસ પણ કરવો પડશે. માટે રાષ્ટ્રના વિકાસમાં ઉપયોગી થઇ પડે તેવા શિક્ષણની વ્યવસ્થા વિચારવી પડશે.

#### ૪.અભ્યાસક્રમમાં વૈશ્વિકરણનો વિચાર લાગુ કરવો પડશે

વિશ્વ હવે નાનું થતું જાય છે, એક કુટુંબ બનતું જાય છે. આપણા દેશનો નાગરિક હવે બીજા દેશમાં જઇ પોતાનો ધંધો રોજગાર સ્થાપિત કરતો થયો છે. આ સમયે વિશ્વના કોઇ પણ દેશમાં જઇ પોતાનો ધંધો રોજગાર સ્થાપિત કરવામાં કોઇપણ જાતની મુશ્કેલી ન અનુભવે તે માટે આપણે આપણા અભ્યાસક્રમમાં તે પ્રકારના બદલાવ લાવવા પડશે. સાથે-સાથે આપણી શિક્ષણ પ્રણાલીમાં પણ તે પ્રમાણેના ફેરફાર લાવવા પડશે.

#### ૫.શિક્ષણમાં તકનિકીનો વિનિયોગ

વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ યુગમાં આપણે સૌને એ બાબતનો અણસાર તો જરૂર આવી ગયો છે કે આવતી કાલે આપણા વર્ગખંડમાં વિદ્યાર્થી નોટ પેનની જગ્યાએ લેપટોપ સાથે આવતો થશે. એ વિદ્યાર્થી ઇન્ટરનેટ સાથે જોડાએલો હશે. જો આ બાબત સાકાર થઇ જશે તો આજનું આપણું ચીલાચાલુ શિક્ષણ ચૉક એન્ડ ટૉકનું શિક્ષણ ચાલે તેમ નથી. સમાજમાં વ્યક્તિને ક્યાંક ને ક્યાંક પોતાના વ્યવહારમાં તકનિકીનો ઉપયોગ કરવો પડે જ છે અને જે નથી કરતો તે માળખામાં

બંધ નથી બેસી શકતો માટે હવે આપણા શિક્ષણમાં તેના પ્રત્યે ઉદાસિનતા રાખવી તે આપણને પાલવે તેમ નથી.

**૬. સાહચર્ય માટેનું શિક્ષણ**

યુનેસ્કો પ્રેરિત શિક્ષણપંચે પોતાના અહેવાલમાં એક ભલામણ એમ કરી કે Learning To Live together અર્થાત સાહચર્યનું શિક્ષણ આપો. આ શિક્ષણ થકી વ્યક્તિ અન્યને વ્યક્તિ તરીકે સ્વીકારતો થશે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે એક સંબંધ પ્રસ્થાપિત થશે અને એ સંબંધ તે માનવ સંબંધ હશે. જો આમ માનવ સંબંધ પ્રસ્થાપિત થશે તો વિશ્વકુટુંબકમની ભાવના સાથે એક એવા તંદુરસ્ત સમાજનું નિર્માણ થશે કે જેના થકી વિશ્વની ઘણી બધી સમસ્યાઓનો હલ આપોઆપ હલ થઇ જશે. માટે હવે તેમને સાથે રહીને જીવતાં અને એક બીજાને સ્વીકારતાં શીખવવું પડશે.

**૭.મલ્ટી મિડિયા દ્વારા શિક્ષણ**

વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ યુગમાં હવે ચૉક એન્ડ ટૉકના શિક્ષણથી ચાલે તેમ નથી. પ્રાપ્ત સંશોધનને આધારે એમ કહેવાય કે જ્ઞાનના દ્દઢીકરણ એ સ્પષ્ટીકરણ માટે હવે મલ્ટીમિડિયા દ્વારા શિક્ષણ જ અસરકારક સિદ્ધ થઇ શકે તેમ છે. આ માટે શિક્ષકે જાગૃત થવું પડશે પોતાને લગતા વિષયમાં તેણે આવા સોફ્ટવેરનું નિર્માણ કરવું પડશે અને જ્યાંથી તે પ્રાપ્ય બને ત્યાંથી તે લાવીને વર્ગખંડમાં તેનો ઉપયોગ કરવો પડશે. આ માટે તેણે પોતે સજ્જ થવાની તાતી જરૂર જણાય છે.

**૮.નવા વ્યવસાયોની સજ્જતા માટેનું શિક્ષણ**

જ્ઞાનના વિસ્ફોટની સાથે-સાથે આપણે ત્યાં અનેક વિધ શિક્ષણની ક્ષિતિજો વિસ્તરી છે. સાથે-સાથે અનેક વિધ અભ્યાસક્રમો આવ્યા છે અને હજુ પણ આવી રહ્યા છે. આવા સમયે અંગ્રેજ નીતિ અનુસાર માત્ર ક્લાર્ક કે અમલદાર બનાવવા માટેનું શિક્ષણ આપવું તે નીતિ ચાલે તેમ નથી. હવે જ્ઞાનના વિસ્ફોટ અને વ્યક્તિની જરૂરિયાતના સંદર્ભમાં આવતા નવા ખ્યાલ સાથે જે કાંઇ નવા વ્યવસાયો આવી રહ્યા છે તે માટે તેને સજ્જ કરવો પડશે. તે માટેનું શિક્ષણ આપવું પડશે.

**૯.વ્યવસાયિક સાહસિકતા માટેનું શિક્ષણ**

આજના આપણા શિક્ષણ થકી આપણા સમાજમાં એક એવી સ્થિતિનું નિર્માણ થયું છે વ્યક્તિ કોઇ નવી દિશા કે વ્યવસાયમાં જવાની હિંમત કરતો નથી. સાથે-સાથે તે નવા વ્યવસાયો પ્રસ્થાપિત કરવામાં એક ડર અનુભવે છે. આ બાબત માટે ઘણા બધા કારણો જવાબદાર હોઇ શકે પણ એમાં એક અતિ મહત્ત્વનું કારણ એ માલુમ પડયું છે કે તેનામાં તે વિષયક જ્ઞાનનો અભાવ છે અને જ્ઞાન છે પણ તેનામાં તે માટેની સાહસિકતા નથી. માટે થઇને આપણે ત્યાં એવા વ્યવસાયો પ્રસ્થાપિત થઇ શક્યા નથી. માટે આપણે આપણા રોજિંદા શિક્ષણની સાથે-સાથે આવા વ્યવસાયોથી વિદ્યાર્થીને પરિચિત કરવો પડશે અને તેના સારાંનરસાં પાસાંનો વિચાર કરવાની સાથે તેમાં કેમ સફળતા મેળવી શકાય તે માટેના વ્યાખ્યાનો યોજવાં જોઇશે. જેથી કરીને તે નવા વ્યવસાયો પ્રત્યે દુર્લક્ષતા ન સેવવાને બદલે તેના પ્રત્યે અભિમુખ થઇ તે દિશામાં હકારાત્મક વલણ અપનાવે.

**૧૨.ઉપસંહાર**

વૈશ્વિકરણમાં આધુનિકતાના ખ્યાલ સાથે વિજ્ઞાન એ ટેક્નોલોજીના યુગમાં વિશ્વ જ્યારે પ્રગતિના સોપાનો સર કરી રહ્યું છે અને તેમાં શિક્ષણ એક મહત્ત્વનું ક્ષેત્ર સાબિત થઇ ચૂક્યું છે ત્યારે આ દેશનું માનવ સંશાધન શિક્ષણ અને તેમાંયે ગુણવત્તાયુક્ત શિક્ષણથી વંચિત રહે તો આ દેશનો વિકાસ સાધવો અશક્ય નહી પણ મુશ્કેલ જરૂર બની શકે છે. જો આપણે આપણા ભવિષ્યને સુધારવું હશે તો ચોક્કસ આજની આપણી આ શિક્ષણ પ્રણાલીમાં સુધારો લાવવો જ રહ્યો અને તેની ગુણવત્તામાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવી જ રહી. જો આમ કરવામાં આવશે તો અચૂક આપણે વિશ્વની પ્રગતિ સાથે તાલ મિલાવતાં આપણો અને આપણા દેશનો વિકાસ સાધી શકીશું.

**સંદર્ભ સાહિત્ય**

૧. પ્રો. મર્મર મુખોપાધ્યાય શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૨. ડૉ. જી. કે. પટેલ. શૈક્ષણિક વ્યવસ્થાપન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૩. ડૉ. આર. એમ. પટેલ શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અને પ્રબંધ નાવારિષેણ પ્રકાશન, આવશ્યક તત્ત્વો.અમદાવાદ..
૪. શ્રી નટુભાઇ રાવલ શિક્ષણ અને વ્યવસ્થાપનમાં પ્રૌદ્યોગિકી નીરવ પ્રકાશન,અમદાવાદ.
૫. ડૉ. રવીન્દ્ર દવેનું ગણપત યુનિવર્સિટી ખાતે આપેલ વ્યાખ્યાન અને વ્યાખ્યાનનોંધ